# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-02-2025** **MORNING: 7.45 TO 7.55**

**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

***************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજે ત્રણ રાજ્યનાં 5 દિવસના પ્રવાસે જશે.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આસામમાં એડવાન્ટેજ આસામના બીજા તબક્કામાં રોકાણ અને માળખાગત શિખર સંમેલનનું ઉદ્ઘાટન કરશે.

3) કેન્દ્રીય મંત્રી શિવરાજસિંહ ચૌહાણ આજે ઉત્તરપ્રદેશમાં 'સરસ' આજીવિકા મેળાનું ઉદ્ઘાટન કરશે.

4) પ્રયાગરાજ મહાકુંભમાં મહાશિવરાત્રિ માટે તડામાર તૈયારી, અત્યાર સુધીમાં 62 કરોડથી વધુ શ્રદ્ધાળુએ ડૂબકી લગાવી.

5) I.C.C. ચેમ્પિયન્સ ટ્રોફીમાં બાંગ્લાદેશને 5 વિકેટથી હરાવી ન્યૂ ઝિલેન્ડ સેમી-ફાઈનલમાં પહોંચ્યું.

.........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PREZ THREE STATE VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજે ત્રણ રાજ્યનાં 5 દિવસના પ્રવાસે જશે. તેઓ પહેલી માર્ચ સુધી બિહાર, મધ્યપ્રદેશ અને ગુજરાતનાં પ્રવાસે રહેશે. પહેલા દિવસે આજે સુશ્રી મુર્મૂ બિહારના પટનામાં રાષ્ટ્રપતિ પટના મૅડિકલ કૉલેજના શતાબ્દી સમારોહમાં ઉપસ્થિત રહેશે.

આવતીકાલે સુશ્રી મુર્મૂ મધ્યપ્રદેશમાં છતરપુરનાં ગઢામાં બાગેશ્વર જન સેવા સમિતિ દ્વારા યોજાનારા સામૂહિક વિવાહ સમારોહમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ આવતીકાલે જ તેઓ ગુજરાતના કેવડિયામાં સ્ટેચ્યૂ ઑફ યુનિટી પર શ્રદ્ધાંજલિ અર્પણ કરશે અને કેવડિયામાં નર્મદા આરતીમાં પણ જોડાશે.

સુશ્રી મુર્મૂ 27 ફેબ્રુઆરીએ કેવડિયામાં એકતા કૌશલ વિકાસ કેન્દ્રની મુલાકાત લેશે. તેમ જ અમદાવાદમાં રાષ્ટ્રીય ડિઝાઈન સંસ્થા- N.I.D.ના 44મા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદના દિવસે તેઓ ગાંધીનગરમાં રાષ્ટ્રીય ન્યાયસહાયક વિજ્ઞાન વિશ્વવિદ્યાલય- N.F.S.U.ના ત્રીજા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે. એ જ દિવસે તેઓ ભુજમાં સ્મૃતિવન ભૂકંપ સ્મારક પણ જશે. જ્યારે પહેલી માર્ચે સુશ્રી મુર્મૂ યુનેસ્કો વિશ્વ ધરોહર સ્થળ ધોળાવીરાની મુલાકાત લેશે.

# PM ASSAM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે આસામના ગુવાહટીમાં એડવાન્ટેજ આસામના બીજા તબક્કામાં રોકાણ અને માળખાગત શિખર સંમેલનના પૂર્ણ સત્રનું ઉદ્ઘાટન કરશે. 2 દિવસના શિખર સંમેલનમાં 1 ઉદ્ઘાટન સત્ર, 7 મંત્રી સ્તરના સત્ર અને 14 વિષયના સત્ર સામેલ છે. આમાં ઔદ્યોગિક વિકાસ, વૈશ્વિક

વેપાર ભાગીદારી અને આસામના જીવંત સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યમ- MSME ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રીત કરાયું છે. સંમેલનમાં 240થી વધુ પ્રદર્શક પણ જોડાશે.

# SHIVRAJ SINGH SARAS

કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજસિંહ ચૌહાણ આજે ઉત્તરપ્રદેશના નોયડામાં સરસ આજીવિકા મેળાનું ઔપચારિક ઉદ્ઘાટન કરશે. મેળાનો ઉદ્દેશ કારીગરો અને શિલ્પકારોને તેમની આજીવિકા તેમ જ સમાવેશક વિકાસને પ્રોત્સાહન આપવામાં સહાય કરવાનો છે. આ પ્રસિદ્ધ મેળો 2025ની પાંચમી આવૃત્તિ છે, જે ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ સંસ્થાના સહકારથી યોજાઈ રહ્યો છે.

મેળાનો વિષય પરંપરા, કળા અને સંસ્કૃતિ છે, જેમાં સ્વયં સહાયતા સમૂહની લખપતિ દીદીઓની નિકાસ ક્ષમતાના વિકાસ પર વિશેષ ધ્યાન અપાયું છે. મેળામાં વિવિધ રાજ્યના હાથવણાટ ઉત્પાદન, સાડીઓ અને ડ્રેસ સામગ્રીનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કરાશે. લોકો 30 રાજ્યના સ્વયં સહાય સમૂહ દ્વારા તૈયાર કરાયેલી વસ્તુઓને નિહાળી શકશે.

# MAHAKUMBH MAHASHIVRATRI

હવે મહાકુંભના સમાચાર..

(મહાકુંભ ઑપનિંગ મ્યૂઝિક)

**ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં ઐતિહાસિક મહાકુંભની આવતીકાલે મહાશિવરાત્રિએ સત્તાવાર પૂર્ણાહૂતિ થશે. તંત્ર દ્વારા આ દિવસને દિવ્ય અને ભવ્ય બનાવવા માટે વ્યાપક તૈયારી કરી છે.**

**પ્રયાગરાજમાં મહાકુંભના ત્રિવેણી સંગમમાં અત્યાર સુધીમાં કુલ 62 કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ પાવન ડૂબકી લગાવી છે, જેમાં અનેક પ્રતિષ્ઠિત લોકો પણ સામેલ છે. સાંભળીએ એક અહેવાલ..**

(VOICE CAST- ABHISHEK KAPIL)

**(મહાકુંભ ક્લૉઝિંગ મ્યૂઝિક)**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

# FM HUMAN RIGHTS

વિદેશ મંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકરે કહ્યું, “ભારતે માનવ અધિકારોની સલામતી માટે હંમેશા સક્રિય ભૂમિકા ભજવી છે.” ડૉ. જયશંકરે જિનિવામાં સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિસદ- U.N.H.R.C.ના 58મા સત્રને વર્ચ્યૂઅલ માધ્યમથી સંબોધિત કર્યું હતું. તેમણે કહ્યું, ભારતનો દ્રષ્ટિકોણ પોતાના ભાગીદારોની પ્રાથમિકતાઓને અનુરૂપ ક્ષમતા નિર્માણ અને માનવ સંશાધન તથા માળખાગત સુવિધાઓને મજબૂત કરવા પર કેન્દ્રીત રહ્યું છે.

શ્રી જયશંકરે ઉમેર્યું, ભારત આતંકવાદ સામે લડવામાં મક્કમ છે. સમકાલીન વૈશ્વિક વાસ્તવિકતાઓને પ્રતિબિંબિત કરનારી બહુપક્ષીય પ્રણાલીની સ્પષ્ટ અને તાત્કાલિક જરૂર હોવાનું પણ શ્રી જયશંકરે કહ્યું હતું.

# ICC CHAMPIONS TROPHY CRICKET

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિસદ- I.C.C. ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટમાં ગૃપ A -ની મેચમાં ગઈકાલે રાત્રે ન્યૂ ઝિલેન્ડે બાંગ્લાદેશને 5 વિકેટથી પરાજય આપ્યો હતો. પાકિસ્તાનના રાવલપિંડીમાં રમાયેલી મેચમાં ન્યૂ ઝિલેન્ડની જીત સાથે જ પાકિસ્તાન અને બાંગ્લાદેશની ટીમ ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે. જ્યારે ભારત અને ન્યૂ ઝિલેન્ડે સેમિ-ફાઈનલમાં પોતાનું સ્થાન બનાવ્યું છે. દરેક ગૃપમાંથી ટોચની 2 ટીમ સેમિ-ફાઈનલમાં પહોંચશે.

ગૃપ A-માં ભારત અને ન્યૂ ઝિલેન્ડે અત્યાર સુધી 2 મેચ જીતીને 4 પૉઈન્ટ મેળવ્યા છે. ગઇકાલે બાંગ્લાદેશની સાથે મેચમાં ન્યૂ ઝિલેન્ડે ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરી હતી. બાંગ્લાદેશે 50 ઓવરમાં 9 વિકેટ ગુમાવી 236 રન

બનાવ્યા. જ્યારે ન્યૂ ઝિલેંન્ડે 46 ઑવર એક બૉલમાં 5 વિકેટ ગુમાવી 240 રન બનાવીને જીત હાંસલ કરી હતી.

# MANDAVIYA LABOUR REFORM

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું કે, શ્રમ સુધારા એ દેશના કાર્યબળ નીતિઓને આધુનિક બનાવવાનો આધાર છે. શ્રી માંડવિયાએ નવી દિલ્હીમાં ગઇકાલે સામાજિક ન્યાય પરના પ્રથમ પ્રાદેશિક સંવાદનું ઉદ્ઘાટન કરતાં જણાવ્યું કે, “આ સંવાદ નવા ઉકેલની શોધમાં, પ્રાદેશિક સહયોગને મજબૂત બનાવવા એક મંચ તરીકે કામ કરે છે.” દરમિયાન, શ્રી માંડવિયાએ ઈ-શ્રમ મોબાઇલ એપ્લિકેશનનો શુભારંભ કરાવતા કહ્યું, “આ એપ્લિકેશન શ્રમિકોની સુલભતા અને સુવિધામાં વધારો કરશે”.

# WPL CRICKET

મહિલા ક્રિકેટ પ્રીમિયર લીગ- W.P.L.ની નવમી મૅચ ગઈકાલે રોયલ ચેલેંન્જર્સ બેંગ્લુરુ- R.C.B. અને યુપી વૉરિયર્ઝ વચ્ચે બેંગ્લોરમાં રમાઈ હતી. યુપી વૉરિયર્ઝે ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરતાં R.C.B.એ 180 રન બનાવ્યા હતા. ટીમનાં ખેલાડી એલસે પેરીએ સૌથી વધુ અણનમ 90 રન બનાવ્યાં. જ્યારે યુપી વૉરિયર્ઝે 20 ઑવરમાં 180 રન બનાવતાં મૅચ ટાઈ રહી હતી. ત્યારબાદ સુપર ઓવર કરતા યુપી વૉરિયર્ઝે વિજય મેળવ્યો હતો.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે અનીલ પટેલ

આજનાં તમામ દૈનિકોએ અલગ અલગ સમાચારોને હેડલાઇનમાં સ્થાન આપ્યું છે.

- ગુજરાત સમાચાર હેડલાઇનમાં લખે છે કે, અમેરિકી પ્રમુખ ટ્રમ્પ સાથેની બેઠક બાદ એપલનાં વડા ટીમ કૂકની જાહેરાત- એપલ અમેરિકામાં ચાર વર્ષમાં 500 અબજ ડોલર રોકશે
- સંદેશની હેડલાઇન છે- બાંગલાદેશમાં આર્મીએ કાયદો વ્યવસ્થા હાથમાં લીધી
- ફુલછાબની હેડલાઇન છે- રિટેલ ટ્રેડરો માટે નુકસાની સિવાય નો-ઓપ્શન- ઓપ્શન ટ્રેડિંગમાં કોઈ મોટા કૌભાંડની ગંધ
- નવગુજરાત સમય હેડલાઇનમાં જણાવે છે કે- ટ્રમ્પે USAIDના વિશ્વભરનાં કર્મચારીઓને રજા પર ઉતાર્યા..ગુજરાત સમાચારનાં અહેવાલ પ્રમાણે USAID દ્વારા મોદી સરકારને એક વર્ષમાં 825 કરોડની સહાય
- આઇસીએમઆરનાં અહેવાલને ટાંકીને નવગુજરાત સમય, સંદેશ અને ફુલછાબે પ્રથમ પાને લખ્યું છે કે, ભારતમાં કેન્સરનાં નિદાન બાદ પાંચમાંથી ત્રણ દર્દીનાં મૃત્યુ થાય છે
- આ ઉપરાંત, પંજાબમાં ટ્રાવેલ એજન્ટો પર તવાઈ-40નાં લાઇસન્સ રદ, પાકિસ્તાનમાં ખેલાડીઓ અને વિદેશી મહેમાનો પર આઇએસના આતંકી હૂમલાની ચેતવણી, ભારતીય શેરબજારમાં મંદી, પ્રધાનમંત્રીની આસામ મુલાકાત જેવા સમાચારો પ્રથમ પાને જોવા મળે છે.